પેથાપુરમાં 'આપ'ના મનીષ સિસોદીયાનો રોડ શો

ગાંધીનગરમાં પધારેલા દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ મનપાના વોર્ડ નં. ૨ માં પેથાપુર ખાતે ચૂંટણી પ્રચાર માટે રોડ શૉ કર્યો હતો. આ રોડ શૉ માં ખૂબ મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારો-કાર્યકરો જોડાયા હતા અને પેથાપુરના ગામ-બજાર તથા અન્ય તમામ મુખ્ય માર્ગો ફર્યા હતા અને મનપાની ચૂંટણીઓ પૂર્વે શક્તિ પ્રદર્શન કર્યુ હતુ.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ વાહનો સંપાદિત કરી તાત્કાલિક ચૂંટણી અધિકારીઓના હવાલે મુકવાની કામગીરીએ વેગ પકડ્યો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૧લી ઓક્ટો.થી ૩૦મી ઓક્ટો. સુધી આધારકાર્ડ સુધારણા તેમજ નવા આધારકાર્ડ ૧૮ ગામો માટેની ઝુંબેશ યોજાશે.
- અખિલ આંજણા ચૌધરી સમાજ ગાંધીનગર દ્વારા ૩૦મી સપ્ટેમ્બરના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલનો સન્માન સમારંભ સરગાસણના પ્રમુખ ગ્રીન પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ આજે સવારે ગાંધીનગરના અક્ષરધામની મુલાકાત લીધી હતી.
- માણસા તાલુકાના અમરપુરા ગામની દિકરી રિયા ચૌધરી અમેરિકન નેવીમાં ઓફિસર તરીકે નિયુક્ત થઈ છે.
- રાજ્યના મુખ્ય સચિવ આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વેક્સિનેશન અભિયાનની સમીક્ષા કરી હતી.
- આરોગ્ય વિભાગના અધિક નિયામકે આજે જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સાથે વાહકજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાની સ્થિતિની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગરમાં આજે થયેલા વરસાદી ઝાપટાંઓથી ઘણા બધા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

ચૂંટણી ટાણે રાજકીય પક્ષો નેતાઓ અને કાર્યકરોમાં વોટ્સએપ કોલીંગનો ક્રેઝ

ફોન રેકોર્ડીંગના ડરથી ફોન પર કરેલી પક્ષ અને ઉમેદવારો સંદર્ભની વાતો વાઈરલ થતી હોવાથી નેટ કોલીંગ કરવાનો આગ્રહ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો જંગ જામ્યો છે. ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. આ સ્થિતિમાં પક્ષમાં જ રહેલા કેટલાક કાર્યકરો અને નેતાઓ પક્ષ વિરોધી અથવા ઉમેદવારો વિરોધી કામ કરતા હોવાથી કાર્યકરો સાથે વાતચીતમાં ખુબજ ચીવટ રાખી રહ્યા છે અને ફોન રેકોર્ડીંગ થઈ જતાં હોવાથી મોટા ભાગે વાતચીત વોટ્સએપ કોલીંગથી કરવાનો આગ્રહ રાખી રહ્યા છે. હાલ ગાંધીનગરમાં મોટા ભાગના નેતાઓ વોટ્સએપના માધ્યમથી જ વાત કરતા જોવા મળી રહ્યા છે.

પાટનગરમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે રાજકીય પક્ષો આ ચૂંટણી જંગ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે આ ચૂંટણી દરમ્યાન નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે જેમાં કાર્યકરો અને નેતાઓ દ્વારા વોટ્સએપ કોલીંગનો જ આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. અગાઉ ચૂંટણીઓમાં કાર્યકરો અને નેતાઓ પક્ષ કે ઉમેદવારો સંદર્ભે કરેલી વાતચીત વાઈરલ થઈ હોવાથી આવા નેતા કાર્યકરો સામે ગેરશિસ્તના પગલાં પણ ભરાયા છે. જેના પગલે ભાજપ હોય કે કોંગ્રેસ કે પછી આમ આદમી પાર્ટી તમામ પક્ષોના નેતાઓ અને કાર્યકરો ફોન ઉપર વાત કરતા નથી અને ફોન કરવામાં આવે તો કટ કરીને વોટ્સએપ ઉપર જ કોલીંગ કરી રહ્યા છે. વોટ્સએપ કોલીંગનું કોઈ રેકોર્ડીંગ થઈ શકતુ ના હોવાથી મોકળા મને પક્ષ સંદર્ભે તથા અન્યાય કે પછી ઉમેદવારો વિરૂદ્ધની ગપસપ થઈ શકે છે અને કરેલી વાતચીત વાઈરલ થવાનો પણ કોઈ ડર રહેતો નથી. ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણી જંગમાં ભાજપે વોર્ડ દીઠ મંત્રીઓ ઉતારી દીધા છે ત્યારે કોંગ્રેસ પણ પાછળ રહે તેમ નથી. કોંગ્રેસે તમામ વોર્ડમાં પાંચ-પાંચ ધારાસભ્યોને જવાબદારી સોંપી વોર્ડનું સંગઠન મજબૂત કરી મતદારો સુધી પહોંચવા ધારાસભ્યોને તાકીદ કરી દીધી છે.

આગામી તા. ૩ ઓક્ટોબરે કોર્પોરેશનની ચૂંટણી માટે મતદાન યોજાવાનુ છે ત્યારે પ્રચાર માટે હવે છેલ્લા ત્રણ જ દિવસ બાકી રહ્યા છે ત્યારે તમામ ઉમેદવારો એડીચોટીનુ જોર લગાવી ચૂંટણી જીતવાનો પ્રયાસ કરી રહ્યા છે.

વિવિધ જિલ્લામાં કપડામાં પૈસાના બંડલ બતાવી છેતરતા બે શખ્સો ઝડપાયા

શખ્સો પાસેથી રૂ.૪૭ હજારની ચેઈન કબ્જે કરી એલસીબી પોલીસે ૮ ગુનાનો ભેદ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૨૯

આણંદ, મહેસાણા અને પાટણ જિલ્લામાં એકલ દોકલ વ્યકિતને કપડામાં પૈસાનું બંડલ બતાવી અને આર્થિક લાલચ આપી નાગરીકો પાસેથી કિંમતી સોના-ચાંદીના દાગીના છેતરપિંડીથી મેળવી લેતા બે ઠગને રૂ.૪૭ હજારની એક સોનાની ચેઈન સાથે કલોલ એસટી બસ સ્ટેન્ડ નજીકથી એલસીબી પોલીસે પકડી પાડી ૮ ગુનાનો ભેદ ઉકેલી દીધો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે બે શખ્સો કલોલ એસટી બસ સ્ટેન્ડ નજીક સોના ચાંદીના દાગીના જેવી વસ્તુઓ વેચવા માટે ફરે છે. જે શંકાસ્પદ લાગી રહ્યા છે. જેને પગલે બાતમીવાળી જગ્યા પરથી અનિલ સલાટ (રહે. હાલ ડોકટર ચાવડાના મકાનમાં, આરસોડીયા, તા.કલોલ) તેમજ ભરત બેચરભાઈ રાવળ (રહે.રતીષ સોસાયટી પાછળ છાપરામાં કલોલ રેલ્વે પૂર્વ મુળ રહે.રાવળવાસ, વામજ), ને પકડી પાડ્યા હતા. બંને પોલીસની અંગજડતી લેતા સંજય સલાટ પાસેથી એક સોનાની ચેઈન કિં. ૪૭ હજારની મળી આવી હતી. આ ચેઈન અંગે પોલીસે પુછતા યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. પોલીસે કડકાઈથી પુછતા બંનેએ સાથે મળી પોતાના અંગત આર્થિક લાભ માટે રૂ.૫૦૦ ની અસલ નોટ સાથે તેની સાઈઝના કાગળો મુકી એક બંડલ બનાવતા હતા. તે બંડલને કપડામાં રૂ.૫૦૦ની નોટ દેખાય તે રીતે બનાવટ કરી રસ્તે જતા એકલ-દોકલ વ્યકિતને રોકી તેને વધુ પૈસાની લાલચ આપી તેઓએ પહેરેલા સોના-ચાંદીના દાગીના છેતરપિંડીથી મેળવી લેતા હોવાની કબુલાત કરી હતી. ગુનાહિત ઈતિહાસ અંગે તપાસ કરતા ભરતરાવળ અને સંજય સલાટ સાથે મળી ઈકો ગાડી લઈ આ એમઓ થી મહેસાણા, પાટણ અને આણંદ જિલ્લામાં વિવિધ વિસ્તારમાં નાગરીકો સાથે છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું.જમાં આજથી આશહે બાર માસ ઉપર કડી હાઈ વે માર્ગ પર એક ભાઈ ચાલતા જઈ રહ્યા હતા તે ભાઈને ઉભા રાખી તેને વાતોમાં બંડલ બતાવી તેમણે કાનમાં પહેરેલ સોનાની કડીઓ છેતરપિંડીથી સેરવી લીધી હતી.

અત્યાર સુધીમાં પાટણ, મહેસાણા અને આણંદ જિલ્લામાં આઠ ગુના આચર્યા હોવાનું પણ સામે આવ્યું છે. આ શખ્સો પાસેથી જે સોનાની ચેઈન મળી આવી છે તે સિધ્ધપુર ખાતે બજારમાંથી એક વ્યકિત પાસેથી ઉપરોકત એમ.ઓથી છેતરપિંડી કરી મેળવી હતી. આ શખ્સોએ વિવિધ વિસ્તારમાં જઈને નાગરીકોને વિશ્વાસમાં લઈ છેતપિંડીથી સોના ચાંદીના દાગીના મેળવતા હતા. તે દાગીના ગમે તે વ્યકિતને વેચી દેતા હતા અને તેમાંથી મળેલા પૈસા તેઓ સરખા ભાગે વહેચી લેતા હતા. પોલીસે બે શખ્સો પાસેથી રૂ.૪૭ હજારની ચેઈન કબ્જે લઈ આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના માર્ગો વરસાદી સિઝનમાં ખૂબ જ ખરાબ થઈ ગયા છે. મુખ્ય માર્ગો પર પડેલા ખાડા રીપેર કરવામાં આવી રહ્યા છે પરંતુ વરસાદ સતત પડતા કામગીરીમાં વિઘ્ન આવી રહ્યુ છે. ચ-૦ થી ચ-૨ નો માર્ગ હમણાં જ રીપેર કરવામાં આવ્યો છે પરંતુ તે વારંવાર તુટી જાય છે. વાહનચાલકોની સતત અવરજવરના કારણે માર્ગો પર ખૂબજ ખાડા પડી ગયા છે.

સાદરા સંકુલ ખાતે યુવાનોમાં ચારિત્ર્ય ઘડતર વિષય પર વ્યાખ્યાન યોજાયું

ચિલોડા, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યુવાનોમાં ચારિત્ર્ય ઘડતર વિષય પર વિનોદભાઈ પટેલ દ્વારા વ્યાખ્યાન યોજાયુ. તેમણે ચારિત્ર્ય ઘડતરમાં પ્રાર્થનાનું મહત્વ, શ્રમને પ્રાધાન્ય વિવિધ ઉદાહરણો આપી વિસ્તૃત ચર્ચા કરી હતી. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન અર્થે અધ્યક્ષસ્થાને વ્યાખ્યાન યોજાયું. આભારદર્શન ડૉ. દિવ્યેશભાઈ ભટ્ટ દ્વારા કરવામા આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુ દ્વારા કરવામાં આવ્યું હતું.

શહેરના વોર્ડ નં.૫ માં બીએસપીના ઉમેદવાર દ્વારા ચુંટણી પ્રચાર તેજ

ગાંધીનગર શહેરના વોર્ડ નં.૫ માંથી બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર અમૃત આર, જેપાલ દ્વારા વોર્ડમાં ડોર ટુ ડોર પ્રચારકાર્ય હાથ ધરાયુ છે. વોર્ડના નાગરીકો દ્વારા બીએસપી પાર્ટીના ઉમેદવારને ચો તરફથી આવકાર મળી રહ્યો છે.

ચિલોડા સર્કલ પાસે કારમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા અફરાતફરી

કાર સળગી ઉઠતા લોકોએ કારનું બોનેટ તોડી નાખ્યું હતુ, પેટ્રોલ પમ્પના કર્મીઓએ ફાયરની ૫ બોટલથી આગ પર કાબુ મેળવ્યો

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ચિલોડા સર્કલ પાસે હિંમતનગરથી અમદાવાદ

મુખ્ય પ્રવેશ દ્વારા અને જંકશન મથક ગણાતુ ચિલોડા સર્કલ પાસે હિંમતનગરથી અમદાવાદ જતી કારમાં અચાનક શોર્ટ સર્કીટ થયાના સમાચારથી ઘટના સ્થળે લોકો દોડી આવ્યા હતા. કાર સળગી ઉઠતા ધુમાડાના ગોટેગોટા નીકળતા લોકોએ કારનું બોનેટ તોડી નાખ્યુ હતુ. કાર સળગી ઉઠતા લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી.

જતી કારમાં શોર્ટસર્કિટ થતા આગ લાગી હતી. કાર સળગી ઉઠતાં લોકોમાં અફરાતફરી સાથે લોકોએ કારનું બોનેટ તોડી નાખ્યુ હતુ. તેમજ બાજુમાં આવેલ પેટ્રોલ પમ્પના કર્મીઓ ફાયરની ૫ બોટલથી આગ પર કાબુ મેળવ્યો હતો. અસંખ્ય લોકો દોડી આવ્યા હતા. આગ હોલવવા મરણીયો પ્રયાસ કર્યો હતો.

કારમાં સવાર બે લોકોનો અદ્‌ભુત બચાવ થયો હતો. કારને માત્ર મશીનને નુકશાન થયુ હતુ તેમજ મોટી જાનહાનિ ટળી હતી. જાન બચી લાખો પાયે ઉક્તિ પ્રમાણે જાનહાની કે ઘટના સ્થળે મોટુ કોઈ નુકશાન ન થતાં લોકોએ રાહતનો દમ લીધો હતો.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શ્રાધ્ધમાં વિવિધ અનાજનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વરા કાચ્છા, જાભચિતરીયા તથા અણસોલના ૧૧૩ લાભાર્થીને ૩ કિગ્રા ચોખા, ૧કિગ્રા મીઠું, બિસ્કીટ, બલ્બનું વિતરણ કર્યું હતું. અણસોલમાં ૨૧ લાભાર્થીને નાસ્તો કરાવ્યો હતો. આ સેવાકાર્યમાં મિલિંદભાઈ, અમૃતભાઈ, મોન્ટુ તથા ગામેતી અને વિપુલ ઉપસ્થિત રહ્યા હતા.

આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે

ગાંધી જયંતિ નિમિત્તે ૩૨ સાઈકલિસ્ટ્સની દાંડીપથ પર સાઈકલ યાત્રા

ગાંધીનગર, તા.૨૯

એક રાષ્ટ્ર તરીકે ભારત માટેનો પવિત્ર પ્રસંગ એટલે આઝાદીનો અમૃત મહોત્સવ અને આ પ્રસંગે અને મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતિ ઉપક્રમે ૩૨ સાઈકલિસ્ટ્સ દ્વારા તા.૨૯મી સપ્ટેમ્બરથી તા.૨જી ઓક્ટોબર દરમ્યાન દાંડીપથ એટલે કે સાબરમતી આશ્રમ, અમદાવાદથી રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક, દાંડી પર 'આત્મનિર્ભર ભારત' અને 'સ્વચ્છ ભારત'નાં સંદેશ સાથે સાયકલ યાત્રા યોજવામાં આવી રહી છે.

ગુજરાત પ્રવાસનનાં સહયોગથી દાંડીપથ પર ૩૨ સાયકલિસ્ટ્સ ચાર દિવસમાં ૪૨૦ કિલોમીટર અંતર કાપશે. તા. ૨૯મી સપ્ટેમ્બરે સવારે ૬ કલાકે પ્રસિદ્ધ લોકગાયક આદિત્ય ગઢવી અને પ્રસિદ્ધ અભિનેત્રી કિંજલ રાજપ્રિયા દ્વારા સાબરમતી આશ્રમ - અમદાવાદથી દાંડીયાત્રાને પ્રસ્થાન કરાવાયું હતું. સાયકલ યાત્રા દરમ્યાન પ્રથમ દિવસે તમામ સાયકલિસ્ટ્સે અમદાવાદ અસલાલી, નવાગામ, માતર, નડિયાદ, આણંદ, બોરસદ અને કંકાપુરાની યાત્રા કરી મહાત્મા ગાંધીનાં મૂલ્યોનો પ્રસાર કર્યો હતો. તા.૩૦મી સપ્ટેમ્બરના રોજ કંકપુરાથી આરંભ કરી કારેલી, અણખી, આમોદ અને સમણીની યાત્રા કરશે. દાંડીયાત્રાના તા.૧લી ઓક્ટોબરે સમણીથી યાત્રાનો આરંભ થશે અને દેરોલ, અંકલેશ્વર, માંગરોળ, ઉમરાછી, ભાટગામ, દેલાડ, છાપરાભાટાનો પ્રવાસ કરી વાંઝ ખાતે વિશ્રામ કરશે ત્યારબાદ મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતિના દિવસે તા. ૨જી ઓક્ટોબરે વાંઝથી આરંભ કરી ધમણ, મટવાડ થઈને દાંડીયાત્રા તેનાં શિરમોર સ્થળ એટલે કે દાંડીએ આવી પહોંચશે. આ તમામ ઐતિહાસિક સ્થળો દાંડીકૂચની સ્મૃતિ જાળવીને બેઠા છે. દાંડીપથના આ ઐતિહાસિક સ્થળો પર ગુજરાત પ્રવાસન દ્વારા દાંડી પથ યાત્રી નિવાસનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રવાસીઓ આ સ્થળે નિવાસ કરી શકે છે તેમજ શુદ્ધ ગુજરાતી ભોજન પણ અહીં ઉપલબ્ધ છે. આ સ્થળોએ પ્રદર્શન સહિત ઓડિયો-વીડિયો શો, સોવેનિયર શોપ અને લાયબ્રેરીની સુવિધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રવાસનની સાથે એક્સપોઝિશન અને કન્વેન્શન અને રોટરી ક્લબનાં સહયોગથી ૩૨ સાઈકલિસ્ટ્સની આ દાંડીયાત્રા યોજવામાં આવી છે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ.વિભાગ, મોડાસા, જાહેર નિવિદા નં. ૧૦/૨૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ વિભાગ મોડાસા (ફો.નં.૦૨૭૭૪-૨૫૦૦૨૦) ધ્વારા નવીન ગ્રામ પંચાયત બનાવવા માટે જેની અંદાજીત રકમ રૂ. ૧૩.૨૧ લાખ થી રૂ. ૧૩.૪૬ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમા નોધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઈન ઈ-ગ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબ સાઈટ www.nprocure.com ઉપર તા. ૧/૧૦/૨૦૨૧ થી તા. ૧૬/૧૦/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોકત વેબ સાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૩૫૩/૨૦૨૧

જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મોડાસા
જાહેર નિવિદા નં.૮ સને ૨૦૨૧-૨૨

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ અરવલ્લી, પટેલ આર્કેડ, હનુમાન દાલબાટીની સામે, હજીરા વિસ્તાર, મું. પો. તા. મોડાસા, જી. અરવલ્લી, ફોન નં.૦૨૭૭૪-૨૪૬૦૩૧ પીન-૩૮૩૩૧૫ દ્વારા અધ્યક્ષશ્રી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી E-2 કલાસ તથા તેનાથી ઉપરના લાગુ પડતા કલાસનું રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર અને મેઘરજ તાલુકાના ગામો ખાતે પાઈપલાઈન, પમ્પીંગ મશીનરી, ઉંચી ટાંકી, સંપ, ઘરજોડાણ, મીનીપોકેટ અને ભીતસુત્રો અને પારદર્શકતા બોર્ડના કામના કુલ (૧૨) કામોના ટેન્ડર "ઈ ટેન્ડરીંગ" પદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે જેની અંદાજીત કિંમત રૂ.૫.૬૪ લાખ થી રૂ.૫૬.૦૫ લાખ સુધીના કુલ રૂ.૩૪૬.૬૨ લાખ થાય છે. જેમાં ટેન્ડર આઈ.ડી. ૪૮૩૬૧૧ (ચોથો પ્રયત્ન), ૪૮૩૬૧૨ થી ૪૮૩૬૨૨ (બીજો પ્રયત્ન)ના ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૫/૧૦/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે અને જરૂરી ફીઝીકલ સબમીશનના ડોકયુમેન્ટ તા.૬/૧૦/૨૦૨૧ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટ/ કુરીયર દ્વારા સાદર કરવાના રહેશે. ઉકત કામો માટે ઈ ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો આબાધિત અધિકાર સબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર/ સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના હેલ્પલાઇન નં.૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

નામાનિ/હિંમત/૩૫૦/૨૦૨૧